
## સ્વાધ્યાય 6.1

1. $\Delta PQR$માં, D એ $\overline{QR}$ નું મધ્યબિંદુ છે.

   $\overline{PM}$ ________ છે.

   $\overline{PD}$ ________ છે.

   QM = MR છે ?





2. નીચેના માટે કાચી આકૃતિ દોરો :
   (a) $\Delta ABC$માં $\overline{BE}$ મધ્યગા છે.
   (b) $\Delta PQR$માં $\overline{PQ}$ અને $\overline{PR}$ ત્રિકોણના વેધ છે.
   (c) $\Delta XYZ$માં $\overline{YL}$ ત્રિકોણની બહારના ભાગમાં આવેલો વેધ છે.
3. આકૃતિ દોરીને ચકાસો કે સમદ્વિબાજુ ત્રિકોણમાં મધ્યગા અને વેધ સમાન હોઈ શકે.

3QF31P

## 6.4 ત્રિકોણનો બહિષ્કોણ(Exterior Angle) અને તેના ગુણધર્મો

### આ કરો





આકૃતિ 6.7



1. $\Delta ABC$ દોરો અને આકૃતિ 6.7 માં બતાવ્યા પ્રમાણે તેની કોઈ પણ એક બાજુ, ધારો કે $\overline{BC}$ ને આગળ લંબાવો. C આગળ બનતો $\angle ACD$ જુઓ. આ ખૂણો $\Delta ABC$ ની બહારના ભાગમાં છે. આપણે તેને શિરોબિંદુ C આગળ બનતો $\Delta ABC$નો **બહિષ્કોણ** કહીશું. સ્પષ્ટ છે કે $\angle BCA$ એ $\angle ACD$ નો આસન્નકોણ છે. ત્રિકોણના બાકીના બે ખૂણા $\angle A$ અને $\angle B$ **અંતઃસંમુખકોણ (interior opposite angles)** કહેવાય છે અથવા $\angle ACD$ના દૂરના અંતઃકોણ **(remote interior angles)** પણ કહેવાય છે. હવે $\angle A$ અને $\angle B$ કાપો (અથવા તેની નકલ બનાવો) અને તેમને આકૃતિ 6.8માં બતાવ્યા પ્રમાણે એકબીજાની પાસે ગોઠવો. શું આ બંને મળીને આખો $\angle ACD$ આવરી લે છે ? શું તમે કહી શકો કે, $m\angle ACD = m\angle A + m\angle B$ ?

2. અગાઉની જેમ $\Delta ABC$ દોરો અને તેનો બહિષ્કોણ ACD બનાવો. હવે કોણમાપકથી $\angle ACD$, $\angle A$ અને $\angle B$ નાં માપ માપો.
   $\angle A + \angle B$ નાં માપનો સરવાળો કરો અને તેને $\angle ACD$નાં માપ સાથે સરખાવો.
   તમે જોયું કે $\angle ACD$,
   $\angle A + \angle B$ ને સમાન (અથવા માપનમાં ભૂલ હોય તો લગભગ સમાન) છે ?




આકૃતિ 6.8

